# શ્રી સ્વામિનારાયણ બાળસત્સંગ

## પર્ણ-૩



NARNARAYAN DEV BAL MANDAL

પ્રકાશક :- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ



શ્રી નરનારાયણદેવ - કાલુપુર, અમદાવાદ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ.મોટા મહારાજ
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ.લાલજી મહારાજ ૧૦૮
શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

# સત્સંગ પ્રતિજ્ઞા

- ભગવાન શ્રી સ્વામિનારાયણ મારા ઈષ્ટદેવ છે.
- ધર્મકુળના આશ્રિતો મારા સાચા સગા છે.
- પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી મારા ધર્મગુરૂ છે.
  તેમની આજ્ઞાનું હંમેશા પાલન કરીશ.
- ભગવાન શ્રી સ્વામિનારાયણ અને આચાર્ય મહારાજશ્રીએ
  પ્રતિષ્ઠિત કરેલ મૂર્તિઓનું જ ધ્યાન કરીશ.
- આચાર્ય મહારાજશ્રીએ માન્ય કરેલ પ્રતિમાની જ નિત્યપૂજા કરીશ.
- આચાર્ય મહારાજશ્રીએ માન્ય કરેલ ગ્રંથોનું જ વાંચન કરીશ.
- માતા-પિતા ગુરુ અને વડીલોને માન આપીશ.
- આચાર્ય મહારાજશ્રી, સંતો તથા હરિભક્તો પ્રત્યે આદર રાખીશ.
- શિક્ષાપત્રીના નિયમોનું હંમેશા પાલન કરીશ.
- આ જન્મે જ અક્ષરધામમાં જવાય તેવું જીવન જીવીશ.

આ પ્રતિજ્ઞા દરેક બાળકોએ મુખપાઠ કરવી.

પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા
પ.પૂ.લાલજી મહારાજ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

# શ્રી સ્વામિનારાયણ બાળ સત્સંગ

## પર્ણ-૩

**સંસ્કારમય ભવિષ્યનું ઘડતર,**
**શ્રી નરનારાયણદેવ બાળ મંડળ**
**Cultivating Future With Values**

ચિત્રાંકન અને ડિઝાઈન : પ્રફુલ ખરસાણી

NARNARAYAN DEV BAL MANDAL

પ્રકાશક :- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ

# આશીર્વાદ પત્ર

His Holiness Acharya Maharaj
Shri Koshalendraprasadji Pande

પ્રતિશ્રી,
સ.ગુ.મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ

જય શ્રી સ્વામિનારાયણ

આપણાં શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા બાળ સત્સંગ પુસ્તકના પ્રકાશનથી શ્રી નરનારાયણદેવ બાળ મંડળના બાળકોને સંસ્કારયુક્ત જીવન તથા સાંપ્રદાયિક શિક્ષણ મળશે અને સંપ્રદાયની ભાવિ પેઢીના બાળકો-બાલિકાઓ માટે ખૂબ ઉપયોગી બની રહેશે.

આ પુસ્તિકા દ્વારા બાળકોનું જીવન ભગવાન સાથે જોડાઈને ખૂબ સુખી બને એવા અમારા રૂડા આશીર્વાદ સહ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

આશીર્વાદ સહ
પ.પૂ.લાલજી મહારાજ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી


Shree Swaminarayan Mandir,
Ahmedabad-1
Tel: 079 2212 3835

Shree Swaminarayan Bagh,
Ahmedabad-52
Tel: 079 2747 8070


# પ્રસ્તાવના

કોઈપણ છોડ નાનો હોય ત્યારે જેમ વાળવામાં આવે તેમ વાળી શકાય છે. કોઈપણ માટીના પાત્રને પાક્યા પહેલા જેવો આકાર આપવો હોય તેવો આપી શકાય છે. મનુષ્યના જીવનનું પણ કંઈક આવું જ છે. નાની ઉંમરમાં બાળકને જેવું વાતાવરણ, સંસ્કાર કે વાંચન આપવામાં આવે તેવું તેનું જીવન ઘડતર થવાની શક્યતાઓ વધી જાય છે. આપણા પરિવારના બાળકોમાં ધર્મ, સમાજ, વ્યવહારનું સંસ્કાર સભર સિંચન થાય તેવા શુભ હેતુથી દરેક મંદિરો-ગામોમાં બાળમંડળની પ્રવૃત્તિઓ ચાલે છે. આ પ્રવૃત્તિમાં આ પુસ્તક ખૂબ ઉપયોગી અને સહાયક નિવડશે. પ.પૂ.લાલજી મહારાજ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પ્રેરણાથી પ્રકાશિત આ પુસ્તક દ્વારા સૌ બાળકો પ્રભુને ઓળખી ખૂબ સારા મનુષ્ય બને અને પછી સારા સત્સંગી બને એવી શુભ આશા સાથે સૌ આ પુસ્તકનો ખૂબ ખૂબ ઉપયોગ કરે એવી શુભકામના.

આ પુસ્તકના લેખન કાર્યમાં સંતો-હરિભક્તોએ આ પુસ્તક આપ સુધી પહોંચાડવા ખૂબ જહેમત ઉઠાવી છે. તે સર્વેનું પણ પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવ સર્વ પ્રકારે શ્રેય કરે તેવી પ્રાર્થના સહ જય શ્રી સ્વામિનારાયણ.

શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી
મહંતશ્રી, શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ

# પુષ્પ - ૧ મારે આજ પ્રીતમ ઘેર આવીયા




મારે આજ પ્રીતમ ઘેર આવીયાજી રે,
ભરી મોતીડે થાળ વધાવીયાજી ...૧

પહેલાં નીરે ઉને નવરાવીયા,
પછે પ્રીતમ મહી પધરાવીયાજી રે. ...૨

મેં તો ભોજન જમાડ્યાં ભાતભાતનાં,
વહાલે આપ્યાં તે સુખ એકાંતનાં. ...૩

પહેલું પરઠ્યું હતું તે વેણે પળ્યા,
વહાલો હેતે કરીને મુજને મળ્યાજી રે. ...૪

બ્રહ્માનંદ કહે આજની ધન્ય ઘડી,
મારો વ્હાલોજી પધાર્યા સેજડીજી રે. ...૫



## પુષ્પ - ૧ મારે આજ પ્રીતમ ઘેર આવીયા

### સ્વાધ્યાય

● યોગ્ય શબ્દ વડે જોડકા જોડો.

| અ | બ |
|---|---|
| પ્રીતમ | પલંગ |
| નીર | શ્રીજી મહારાજ |
| વેણ | પાણી |
| સેજડી | વચન |

● શા માટે ?

ભગવાનનાં લીલા ચરિત્રનાં કીર્તનો શા માટે ગાવા જોઈએ ?

● પ્રવૃત્તિ :

''મારે આજ પ્રીતમ ઘેર આવીયાં'' કીર્તન મુખપાઠ કરો.

● વિશેષ :

લીલા ચરિત્રનું અન્ય કોઈ એક કીર્તન મુખપાઠ કરો.

● સત્સંગ સિંચન

૧. મનની શાંતિ માટે શું સાંભળવું જોઈએ ?

(a) વૈરાગ્યના કીર્તન (b) લગ્નગીત (c) લીલા ચરિત્ર

૨. બ્રહ્માનંદ સ્વામીએ મુખ્ય કયા પ્રકારના કીર્તનો રચ્યા છે ?

(a) વૈરાગ્ય પ્રેરક (b) મનોરંજન (c) લીલા ચરિત્ર

૩. શ્રીજી મહારાજ સાથે કોને સખાભાવ હતો ?

(a) બ્રહ્માનંદ સ્વામી (b) મુક્તાનંદ સ્વામી (c) ગોપાળાનંદ સ્વામી

૪. બ્રહ્માનંદ સ્વામીએ સાહિત્યનો અભ્યાસ કઈ જગ્યાએ કર્યો હતો ?

(a) કાશી (b) ભૂજ (c) ખાણગામ

૫. શ્રીજી મહારાજે કઈ મૂર્તિમાંથી પ્રગટ થઈ બ્રહ્માનંદ સ્વામીને હાર પહેરાવ્યો હતો ?

(a) ગોપીનાથજી મહારાજ (b) રાધારમણદેવ (c) રાધાકૃષ્ણદેવ



# પુષ્પ - ૨ નવિનજીમૂતસમાનવર્ણમ્

નવિનજીમૂતસમાનવર્ણ, રત્નોલ્લસત્કુંડલ શોભિકર્ણમ્;
મહાકિરિટાગ્રમયુરપર્ણ શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ.... ૧

નિધાય પાણિદ્વિતયેનવેણું, નિજાધરે શેખરયાતરેણુમ્;
નિનાદયન્તં ચગતૌ કરેણું, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ.... ૨

વિશુધ્ધહેમોજ્જવલ પીતવસ્ત્રં, હતારિયુથં ચ વિનાપિશસ્ત્રમ્;
વ્યર્થી કૃતાનેકસુરા દ્વિડસ્ત્રં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ.... ૩

અધર્મ તિષ્યાર્દિત સાધુપાલમં, સધ્ધર્મવૈરાસુર સંઘકાલમ;
પુષ્પાદિમાલં વ્રજરાજબાલં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ.... ૪

નવિન તાજા પાકેલા જાંબુના ફળના રંગ સમાન રંગવાળા રત્નોથી ચકચકાટ સુશોભિત કુંડળોવાળા, મોટા મુગુટના અગ્રભાગમાં મોરનું પીંછ ધારણ કરી રહેલા
શ્રીરાધિકાએ સહિત શ્રી કૃષ્ણ ભગવાનને હું પ્રણામ કરું છું (૧)

સુગંધીમાન પુષ્પની રજની યુક્ત દિવ્ય એવી વાંસળીને બે કરકમળોથી પકડીને પોતાના અધરોષ્ટથી ધારી રહેલા અને સુમધુર સ્વરોથી વગાડતા અને ગજગતિ ચાલથી ચાલતા એવા શ્રી રાધિકાએ સહિત શ્રી કૃષ્ણ ભગવાનને હું પ્રણામ કરું છું (૨)

શુદ્ધ સુવર્ણ જેવા અતિ ઉજ્જવળ દિવ્ય પીતાંબરને ધારી રહેલા અને શાસ્ત્ર વિના જ શત્રુઓના સમૂહનો વિનાશ કરનારા પોતા ઉપર શસ્ત્ર-અસ્ત્રનો અસુરો દ્વારા થતો પ્રહારને વ્યર્થ કરનારા શ્રી રાધિકાએ સહિત શ્રી કૃષ્ણ ભગવાનને હું પ્રણામ કરું છું (૩)

અધર્મ આદિકથી કળિયુગમાં દુઃખ પામેલા સાધુનું રક્ષણ કરવાના સ્વભાવવાળા સ્વભાવથી જ સાધુ અને ધર્મના વૈરી અસુરોનાં સંહાર કરનારા સુગંધીમાન પુષ્પોની માળા ધારી રહેલા વ્રજના રાજા નંદજીના બાળક એવા
શ્રી રાધિકાએ સહિત શ્રી કૃષ્ણ ભગવાનને હું પ્રણામ કરું છું (૪)

## પુષ્પ - ૨ નવજીવનમૃત સમાન વર્ણમ્

સ્વાધ્યાય

- નીચેના શબ્દોના અર્થ જણાવો.
  - (૧) મયુર પર્ણ
  - (૨) પાણિ
  - (૩) પીત વસ્ત્ર
  - (૪) નિધાય
  - (૫) કિરીટ
- શા માટે ?

  ભગવાનને સ્તુતિ શા માટે કરવામાં આવે છે ?
- પ્રવૃત્તિ :

  ઉપરોક્ત સ્તુતીનું બાળમંડળમાં સમૂહગાન કરો.
- વિશેષ :

  ઉપરોક્ત સ્તુતી મુખપાઇ કરીને દરરોજ સંધ્યા આરતી પછી ગાન કરો.
- સત્સંગ સિંચન

  (૧) શિક્ષાપત્રીની રચના વખતે શ્રીજી મહારાજે કોનું સ્મરણ કર્યું હતું ?

  **(a)** ગણપતી **(b)** સરસ્વતી **(c)**શ્રી કૃષ્ણ ભગવાન

  (૨) શ્રીજી મહારાજે સ્વહસ્તે બંધાવેલ કયા મંદિરમાં રાધાકૃષ્ણ દેવ પધરાવ્યા છે ?

  **(a)** ધોળકા **(b)** ધોલેરા **(c)**મૂળી

  (૩) શ્રીકૃષ્ણ ભગવાનનું કૂળ કયું હતું ?

  **(a)** યાદવ **(b)** ધર્મકૂળ **(c)** ગુરૂકુળ

  (૪) શ્રીકૃષ્ણ ભગવાનનો જન્મ કયા સ્થાનમાં થયો હતો ?

  **(a)** હોસ્પિટલ **(b)** વન **(c)**જેલ

  (૫) શ્રીકૃષ્ણ ભગવાનનો જન્મ કોના કુખે થયો હતો ?

  **(a)** યશોદા માતા **(b)** દેવકી માતા **(c)**ભક્તિમાતા

બાળ મિત્રો નીચે આપેલ ચોકઠામાંથી આપણા સંપ્રદાયમાં ઉજવાતા તહેવારોના નામ શોધી જણાવો

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વ | સં | ત | પં | ચ | મી | શ્રી | દિ | વા | ળી |
| સ્વા | મિ | વિ | લા | વા | મ | ન | જ | યં | તિ |
| હો | ના | જ્યા | ભ | શિ | વ | રા | ત્રી | રા | ય |
| ળી | ણ | દ | પાં | ભ | ગ | વા | ધ | ન | હ |
| ગ | ણે | શ | ચ | તુ | ર્થી | સ | ન | જ | નુ |
| ત્ય | છે | મી | મ | તે | જ | સ | તે | ન | મા |
| વોં | ફૂ | લ | દો | લો | ત્સ | વ | ર | મા | ન |
| ગુ | રૂ | પૂ | ર્ણિ | મા | પ | રિ | સ | ષ્ટ | જ |
| છે | તે | મા | નો | ઋ | ષિ | પં | ચ | મી | યં |
| શ્રી | સ્વા | મિ | ના | રા | ય | ણ | જ | યં | તિ |

ગણેશ ચતુરર્થી
ધન તેરસ
ફૂલ દોલોત્સવ
ગુરૂ પૂર્ણિમા
જનમાષ્ટમી
ઋષિ પંચમી
હનુમાન જયંતિ
શ્રી સ્વામિનારાયણ જયંતિ

વસંત પંચમી
દિવાળી
વિજયા દશમી
હોળી
વામન જયંતિ
શિવરાત્રી
લાભ પાંચમ

# પુષ્પ - ૩ પુરૂષોત્તમ પ્રકાશ



દોહા -

એમ કહી રીત કલ્યાણની, આ સમાની અગણિત ।
તે સૌએ શ્રવણે સાંભળી, અતિ ઉત્તમ પરમ પુનિત ॥૧॥
એહ રીતમાં જે આવી ગયા, તે થયા પૂરણકામ ।
તેનો તન જયારે તજશે, ત્યારે પામશે પ્રભુનું ધામ ॥૨॥
જેહ ધામનો પામીને, પાછો ન પડે  જન કોય ।
એવું અખંડ એ ધામ છે, ત્યાં સુખે વસે જન સોય ॥૩॥
તે ધામને ધામીયે ધારિયું, દેવા સ્વધામનું જો સુખ ।
જીવ જગતના જોઈને, દયા આણી ટાળવા દુઃખ ॥૪॥

ચોપાઈ -

મારા ધામમાં આવવા સહુ રે, એવા કર્યા ઉપાય મેં બહુ રે ।
સર્વે ઉપાય કીધા છે સારા રે, તેમાં તરશે જીવ અપારા રે ॥૫॥
પણ છેલ્લો છે આ જે ઉપાય રે, બહુ જીવ તરશે આ માંય રે ।
ધર્મવંશી આચારજ ધાર્યા રે, ગુરુ કરી ગાદીએ બેસાર્યા રે ॥૬॥
કામ કર્યું છે એહ સારું રે, મન માન્યુ છે બહુ અમારું રે ।
કાંજે એ છે ધર્મનું કુળ રે, માટે એ વાતનું ઉડું મૂળ રે ॥૭॥
જેવું અમારું કુળ મનાશે રે, તેને તુલ્ય બીજું કેમ થાશે રે ।
માટે વિચારીને વાત કીધી રે, ઘણું સમજીને ગાદી દીધી રે ॥૮॥
ધર્મવંશી તે ધર્મમાં રે'શે રે, અધર્મ વાતમાં પગ ન દેશે રે ।
ધર્મ પાળશે ને પળાવશે રે, અધર્મની રીત ટળાવશે રે ॥૯॥
આપ આપણે ધર્મ રાખશે રે, નર નારીનાં નિ'મકે' દાખશે રે ।
ત્યાગી ગૃહીના ધર્મ સૂચવી રે, કે'શે જૂજવા જૂજવા ચવી રે ॥૧૦॥
કાંજે બેઠા છે ધર્મની ગાદી રે, કે'શ ધર્મની રીતિ જે અનાદિ રે ।
તેને સૌ રહેશે ધર્મ ધારી રે, ત્યાગી ગૃહી નર ને જે નારી રે ॥૧૧॥
ધર્મ અમને છે બહુ વા'લો રે, એમ કહે છે ધર્મનો લાલો રે ।
ધર્મવાળા સાથે હેત મારે રે, એમ વાલો કહે વારે વારે રે ॥૧૨॥
અધર્મી સાથે મારે અદેખાઈ રે, રે'છે રાત દિવસ મનમાંઈ રે ।
અધર્મી જનની જેહ ભગતિ રે, નથી ગમતી મને જો રતિ રે ॥૧૩॥
એના હાથનું અન્ન ન ભાવે રે, મર બહુ સારું કરી લાવે રે ।
અધર્મીના હાથનું જે પાણી રે, નથી પીતા તે અશુદ્ધ જાણી રે ॥૧૪॥
એનું ચંદન પૂજા ને હાર રે, નથી લેતા એમકરી પ્યાર રે ।
લાવે અધવંત સેવા સાજ રે, તેનો તર્ત કરું છું હુ ત્યાજ રે ॥૧૫॥
ધર્મવાળા આપે અન્ન જળ રે, બહુ સ્વાદુ લાગે એ સકળ રે ।
ધર્મવાનનું ફળ દળ ફુલ રે, જે દિયે તે જાણું છું અમુલ રે ॥૧૬॥
માટે ધર્મવાળાની જે ભક્તિ રે, તેતો મને ગમે છે જો અતિ રે ।
માટે ધર્મવાળા જીવ જોઈ રે, કર્યા છે મેં આચારજ દોઈ રે ॥૧૭॥
એહ અધર્મ નહિ આચરશે રે, ઘણું અધર્મ સર્ગથી ડરશે રે ।
ધર્મવંશીની ગાદિયે બેશી રે, વળી કા'વશે ધર્મ ઉપદેશી રે ॥૧૮॥
માટે એથી તરશે અપાર રે, નિશ્ચે જાણજો એ નિરધાર રે ।
બહુ કાળ લગી કલ્યાણ રે, થાશે નિશ્ચે જાણો નિરવાણ રે ॥ ૧૯ ॥
એવી ઈચ્છા છે જો અમારી રે, એવું ધામથી આવ્યા અમે ધારી રે ।
એમ બોલ્યા શ્રીહરિ હરખી રે, સુણી વાત લીધી છે જો લખી રે ॥૨૦॥

ઈતિ શ્રી સહજાનંદસ્વામી ચરણકમળસેવક નિષ્કુળાનંદમુનિ વિરચિતે
પુરુષોત્તમપ્રકાશ મધ્યે એકોનચત્વારિંશઃ પ્રકારઃ । ૩૯

## પુષ્પ - ૩ પુરૂષોત્તમ પ્રકાશ
### સ્વાધ્યાય

- વિભાગ A નાં શબ્દને B નાં યોગ્ય શબ્દથી જોડો.

| A | B |
|---|---|
| સ્વધામ | આચારજ |
| અમારું કુળ | અધર્મી |
| ધર્મનો લાલો | ધર્મનું કુળ |
| પાપીષ્ટ | શ્રીજી મહારાજ |
| ધર્મની યાદી | અક્ષરધામ |

- શા માટે ?

શ્રીજી મહારાજે ધર્મકુળને ગાદી શા માટે સોંપી ?

- પ્રવૃત્તિ :

શ્રીજી મહારાજનાં કોઈ એક પ્રસાદીભૂત સ્થાનનું દર્શન કરી તેનો મહિમા જાણો.

- વિશેષ :

તમે દર્શન કરેલ પ્રસાદીભૂત સ્થાનનો મહિમા બાળમંડળમાં કહો.

- સત્સંગ સિંચન

(૧) શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ-નારણપુરાનાં પ્રેરક કોણ છે ?

(a) પ.પૂ.શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ (b) શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ

(c) શ્રી લાલજી મહારાજ

(૨) પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ શ્રી નરનારાયણદેવ દેશ ગાદીનાં કેટલામાં વંશજ છે ?

(a) ૬ (b) ૭ (c) ૮

(૩) વિદ્યમાન આચાર્ય મહારાજશ્રીનાં કુળદેવતા કોણ છે ?

(a) નરનારાયણદેવ (b) ગણપતિ (c) હનુમાનજી

(૪) વિદ્યમાન આચાર્ય મહારાજશ્રીનો જન્મોત્સવ કયા તહેવારે આવે છે ?

(a) નૂતન વષ (b) વિજયાદશમી (c) વસંતપંચમી

(૫) વિદ્યમાન આચાર્ય મહારાજશ્રીનું ગૌત્ર જણાવો ?

(a) સાવરણી (b) કશ્યપ (c) માર્કન્ડેય

બાળમિત્રો નીચે અમદાવાદ દેશના આચાર્ય મહારાજશ્રીની તસવીરો આડી અવળી થઈ ગઈ છે તેને ક્રમમાં ગોઠવી નીચે ચોકઠામાં તેમના ક્રમ પ્રમાણે નામ લખો



(૧)


(૨)


(૩)


(૪)



(૫)


(૬)


(૭)


(૮)


| | |
|---|---|
| આદિ (પ્રથમ આચાર્યશ્રી) | પાંચમા આચાર્યશ્રી |
| બીજા આચાર્યશ્રી | છઠ્ઠા આચાર્યશ્રી |
| ત્રીજા આચાર્યશ્રી | સાતમા આચાર્યશ્રી |
| ચોથા આચાર્યશ્રી | ભાવિ આચાર્યશ્રી |



# પુષ્પ - ૪ ગૌ ઘાટ

છપૈયામાં પ્રભુ ઘનશ્યામ તેના મિત્રો વેણી, માધવ, પ્રાગ, સુખનંદન વિગેરે સાથે દરરોજ વિશ્વામિત્રી નદીના કાંઠા વિસ્તારમાં ગાયો ચરાવવા જાય અને બપોરે ઘટાદાર સુંદર વૃક્ષો નીચે બધાં વિસામો કરે અને રમત રમે. બાળમિત્રોને તરસ લાગે એટલે છેક બે કિલોમીટર જેટલે દૂર આવેલી વિશ્વામિત્રી નદીએ પાણી પીવા માટે જવું પડે એટલે થાકી જાય.

એક દિવસ બધાં મિત્રો ગાયો સાથે બપોરે વૃક્ષોની છાયામાં વિસામો કરવા બેઠા એટલે અંદરોઅંદર વાતો કરવા લાગ્યા કે જો અહિંયા જ પાણી હોત તો આપણે અને ગાયોને છેક વિશ્વામિત્રી નદી સુધી પાણી પીવા જવું ના પડત.પ્રભુ ઘનશ્યામ બાળમિત્રો સામે જોઈને મલકાયા અને ઉભા થઈને બાજુમાં જ્યાં નીચાણવાળો ભાગ છે ત્યાં જઈને ઉભા રહ્યા એટલે બધાં મિત્રો પણ તેની પાછળ ગયા અને પૂછ્યું કે ઘનશ્યામ અહિં કેમ આવ્યા ? ઘનશ્યામે ફરી મોં મલકાવીને પોતાના જમણા પગનો અંગુઠો જમીન ઉપર દબાવ્યો એટલે જમીનમાંથી પાતાળ ગંગા પ્રગટ થયા અને અંગુઠા જેટલા ભાગમાંથી જમીનમાંથી પાણી બહાર વહેવા લાગ્યું. આ જોઈને સૌ મિત્રો આનંદમાં આવીને



કુદવા લાગ્યા.

બધાજ બાળમિત્રોએ પાણી પીધું અને ગાયોને પણ પાણી પીવડાવ્યું. ઘનશ્યામ પ્રભુની લીલાની પ્રસાદીભૂત આ જગ્યાએ આજે પણ એજ જગ્યાએ એજ રીતે પાણી વહે છે. આ જગ્યાએ ગાયો ચરાવતા એટલે આ જગ્યાને આજે ''ગૌ ઘાટ'' તરીકે ઓળખવામાં આવે છે. આ જગ્યાએ પગથીયા બનાવીને ઘાટ બનાવ્યો છે અને પ્રભુની લીલાની સ્મૃતિ રૂપે ત્યાં છત્રી બનાવેલી છે.

યાત્રાળુના મનને શાંતિ પમાડે તેવું પરમ પવિત્ર સ્થાન છે. બોલો,

બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજ કી જય.



## ૪. ગૌઘાટ

સ્વાધ્યાય

૧. ઘનશ્યામના બાળમિત્રોના નામ જણાવો.

૨. ગૌઘાટ પાસે કઈ નદી આવેલી છે ?

૩. ઘનશ્યામે ગૌઘાટમાં પાણી કેવી રીતે પ્રગટ કર્યું ?

૪. ઘનશ્યામ ગૌઘાટ મિત્રો સાથે શા માટે જતાં હતાં ?

૫. ઘનશ્યામ ગાયો ચરાવતા એ જગ્યા કયા નામથી ઓળખવામાં આવે છે ?

- શા માટે ?

  પ્રસાદીના સ્થાનમાં છત્રી શા માટે બનાવવામાં આવે છે ?

- પ્રવૃત્તિ : ઘનશ્યામની ગૌઘાટ લીલાની વાર્તા પોતાના બાળમિત્રોને કહેવી.
- વિશેષ : ઘનશ્યામ બાળલીલાની કોઈ એક વાર્તા બાળમંડળમાં કહેવી.

- સત્સંગ સિંચન

૧. ઘનશ્યામ કોને દાદા કહીને બોલાવતા ?

(૧) ધર્મપિતા (૨) રામપ્રતાપભાઈ (૩) કન્હીરામ

૨. રામપ્રતાપભાઈના લગ્ન સમયે ઘનશ્યામની ઉંમર કેટલી હતી ?

(૧) ૨ વર્ષ (૨) ૩ વર્ષ (૩) ૫ વર્ષ

૩. ઈચ્છારામનાં જન્મ સમયે ઘનશ્યામની ઉંમર કેટલી હતી ?

(૧) ૬ વર્ષ (૨) ૫ વર્ષ (૩) ૭ વર્ષ

૪. ઘનશ્યામનો કર્ણવેધ સંસ્કાર કેટલા મહિને કર્યો ?

(૧) ૭ મહિને (૨) ૬ મહિને (૩) ૫ મહિને


# નામ શોધો

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્તિ | વ | ણિ | ખ | શ | પ્ર | હ | નુ | ખ | કા |
| ધ | ર્મ | દે | વ | વ | ત્ત | યા | નુ | ણિ | હે |
| ર્મ | ણિ | નુ | શ | મા | હ | ખ | ચં | મા | મા |
| ત્ત | કા | ચં | રા | શ | યા | કા | ણિ | ખ | ન |
| ચં | પ્ર | રા | મ | પ્ર | તા | પ | લિ | ક્તિ | પ્ર |
| સુ | હા | સિ | ની | હ | વ | ધ | હ | દ | યા |
| વ | ચં | ખ | યા | ચં | દ | ન | દે | ભ | ત્ત |
| દે | મા | કા | શ | નુ | ર્મ | શ | ણિ | ક્તિ | મ |
| મા | ર્ચ | ખ | વ | મા | ક્તિ | યા | પ્ર | મા | નુ |
| પ્ર | યા | ર્મ | વે | ણિ | રા | મ | કા | તા | ક્તિ |

– ધર્મદેવ
– ભક્તિમાતા
– રામ પ્રતાપ
– સુહાસીની
– વશરામ

– ચંદન
– વેણીરામ
– ઘનશ્યામ
– હનુમાન
– કાલિદત્ત

બાળ દોસ્તો? ઉપરના ચોકઠામાંથી છપૈયામાં બાળ ઘનશ્યામની સાથે જોડાયેલાં કેટલાંક પાત્રોના નામ છે. તમે શોધી શકશો ? તે નામ શોધી અને લાલ સ્કેચપેનથી નામ ફરતે ગોળ કરો.




# પુષ્પ - ૫. અયોધ્યાગમન

ધર્મદેવના ઘેર ભગવાન પ્રગટ થયાના સામાચાર જાણીને અસૂરો છપૈયામાં ધર્મદેવ અને ભક્તિદેવીને હેરાન કરવા લાગ્યા. તેઓએ આ ત્રાસથી કંટાળીને અયોધ્યા જવાનું નક્કી કર્યું. ધર્મદેવ અને ભક્તિદેવી તેમના બંને પુત્રો રામપ્રતાપ અને ઘનશ્યામને લઈને મખોડાઘાટ થઈને સરયૂ નદીને કિનારે આવ્યા.

અયોધ્યા જવા માટે સરયૂ નદી ઓળંગવી જ પડે. ધર્મદેવ એક હોડીવાળા પાસે ગયા અને સામા કાંઠે જવાનું ભાડું પૂછ્યું. નાવિક કહે, કેટલા માણસો છો ? ધર્મદેવે પોતાનો પરિવાર બતાવ્યો. નાવિકે પરિવાર તરફ નજર કરી એટલે ઘનશ્યામ ને નાવિકે સામ સામે જોયું. નાવિકને ઘનશ્યામમાં રામચંદ્રજી ભગવાનનાં દર્શન થયા. નાવિક કહે, ચાલો બધાં હોડીમાં બેસો હું તમોને સામા કિનારે લઈ જઈશ. ધર્મદેવ નાવિકને કહે પહેલાં ભાડું નક્કી કરે તો હું બેસું. નાવિક મનમાં વિચારે કે મારે ભગવાનનું ભાડું કેમ લેવું ! તેમણે ધર્મદેવને કહ્યું કે તમારે મને ભાડું દેવુંજ હોય તો આ બાળકને મને સામા કાંઠા સુધી રમાડવા દેજો. ધર્મપિતાએ હા પાડી.

ધર્મદેવનો પરિવાર હોડીમાં બેઠો. નાવિક ઘનશ્યામને રમાડતો રમાડતો હોડી હંકારતો જાય છે. મનમાં પ્રાર્થના કરતો જાય છે કે હે પ્રભુ, હું તમને નદી પાર કરાવું બદલામાં તમો મને સંસારરૂપી સાગર પાર કરાવજો.

હોડી રામઘાટ આવી પહોંચે છે એટલે બધાં હોડીમાંથી નીચે ઉતરે છે. નાવિક ઘનશ્યામને વારંવાર પગે લાગે છે. ધર્મદેવ પરિવાર સાથે અયોધ્યામાં આવેલા પોતાના ઘર તરફ જાય છે. નાવિક દૂર દૂર સુધી ઘનશ્યામને જોયાં કરે છે.



**૫. અયોધ્યા ગમન**

સ્વાધ્યાય :

**(સાચો વિકલ્પ પસંદ કરો)**

● છપૈયામાં અસુરોના ત્રાસથી કંટાળીને ધર્મ-ભક્તિએ ક્યાં જવાનું નક્કી કર્યું ?
(૧) અયોધ્યા (૨) પ્રયાગ (૩) કાશી

● ધર્મ-ભક્તિએ છપૈયાથી અયોધ્યાગમન કર્યું ત્યારે રસ્તામાં કયો ઘાટ આવ્યો હતો ?
(૧) મખોડાઘાટ (૨) રામઘાટ (૩) ગૌઘાટ

● અયોધ્યા કઈ નદીને કિનારે આવેલું છે ?
(૧) સરયું (૨) ગંગા (૩) વિશ્વામિત્રી

● ઘનશ્યામે નાવિકને કયા સ્વરૂપે દર્શન આપ્યા ?
(૧) શ્રીરામ (૨) શિવ (૩) હનુમાન

● નાવિકે ભાડામાં ધર્મદેવ પાસે શું માગ્યું ?
(૧) ઘનશ્યામને રમાડવાનું (૨) પૈસા (૩) અનાજ

● શા માટે ? ભગવાન મનુષ્યને દિવ્ય સ્વરૂપે શા માટે દર્શન આપે છે ?

● પ્રવૃત્તિ : શ્રીજી મહારાજે જેમાં સ્નાન કર્યું હોય તેવી કોઈ પાંચ નદીઓના નામ જણાવો .

● વિશેષ : પ્રસાદીભૂત પાંચ સરોવરના નામ જણાવો.

**સત્સંગ સિંચન**

● છપૈયામાં ધર્મદેવને લોકો બીજા કયા નામથી બોલાવતા ?
(૧) હરિદાસ (૨) ધર્મપ્રસાદ (૩) હરિપ્રસાદ

● ધર્મદેવે કરેલી વૃતિ પરીક્ષામાં ઘનશ્યામે શું ઉપાડ્યું ?
(૧) પૈસા (૨) શસ્ત્ર (૩) શાસ્ત્ર

● ઘનશ્યામે પ્રથમ અક્ષરજ્ઞાન કોની પાસેથી લીધું ?
(૧) ધર્મદેવ (૨) ભક્તિમાતા (૩) ગોપાળયોગી


● સ્વામિનારાયણ ભગવાનનું નિલકંઠ નામ કોણે પાડ્યું હતું ?
(૧) ગોપાળયોગી (૨) માર્કંન્ડેય ઋષિ (૩) રામાનંદ સ્વામી



# રંગ પૂરો



બાળ દોસ્તો આ ચિત્ર છે શ્રીજી મહારાજના લીલા ચરિત્રનું તેમાં તમને મનગમતા કલર પૂરી તમારા માતા-પિતા, શિક્ષક કે સંતને બતાવો.



# પુષ્પ - ૬. એકાદશી માહાત્મય

અયોધ્યામાં રામ જન્મભૂમિ નજીક હનુમાનજીનું પ્રાચીન મંદિર આવેલું છે. ઊંચા ટેકરા ઉપર આવેલું આ મંદિર હનુમાન ગઢી મંદિર તરીકે ઓળખાય છે.

અયોધ્યા નિવાસ દરમિયાન ઘનશ્યામ દરરોજ સવારે આ મંદિરે દર્શન કરવા જતાં અને કથા સાંભળવા બેસતા.


એક દિવસ ઘનશ્યામ હનુમાનજીના દર્શન કરીને કથામાં બેઠા. મોહનદાસ નામના સાધુ કથા વાંચતા હતા. એમાં એકાદશીના વ્રતની વાત આવી. આ સાધુ એકાદશીનો ઉપવાસ કરતા ન હતા. તેથી તેણે કહ્યું કે એકાદશીનું વ્રત તો સત્તયુગમાં કરવાનું હોય અને કળિયુગમાં તો અન્નસમા પ્રાણ છે. ભગવાને એકાદશીને પકડીને જગન્નાથપૂરીમાં બાંધી દીધી છે માટે હવે તેનું વ્રત કરવાનું હોય નહિ.

આ વાત સાંભળીને વ્રતઃ પ્રિયાય એવા પ્રભુ ઘનશ્યામથી ન રહેવાયું. જેથી તેમણે મોહનદાસને કહ્યું કે તમારું ગાલ પુરાણ બંધ કરો અને શાસ્ત્રમાં જે સાચી વાત હોય તે કહો.

ઘનશ્યામની આ વાત સાંભળી મોહનદાસ ગુસ્સે ભરાયા અને કહ્યું કે તું હજુ નાનો છે. શાસ્ત્રની વાતમાં તને ખબર ના પડે. તું કેમ સામે બોલે છે એમ કહીને ઘનશ્યામને ધમકાવવા લાગ્યા.

પ્રભુએ મોહનદાસ સામે નજર કરી એટલે મોહનદાસને સમાધિ થઈ ગઈ. મોહનદાસ પહોંચી ગયા જમપુરીમાં. પ્રભુની ઈચ્છાથી યમદૂતોએ મોહનદાસને મેથીપાક ચખાડ્યો. યમદૂતોનાં મારથી મોહનદાસ અધમૂવા થઈ ગયા અને કરગરવા લાગ્યા. એટલે યમદૂતોએ કહ્યું કે ઘનશ્યામ એ તો સાક્ષાત્ ભગવાન છે. જો તું એનો અપરાધ કરીશ તો અમો તને દંડ આપીશું.

ઘનશ્યામે મોહનદાસની સામે ફરી દૃષ્ટિ કરી એટલે મોહનદાસ જમપુરીમાંથી પાછા દેહમાં આવ્યા અને ઘનશ્યામના પગમાં પડી ગયા. કથામાં બેઠેલા બધા માણસોને કહ્યું કે ઘનશ્યામ એ સાક્ષાત્ રામચંદ્રજી ભગવાન છે. એમણે તો મને મારી ભૂલ ઓળખાવી છે. શાસ્ત્રમાં એકાદશીનો ઉપવાસ કરવાની વાત લખી છે પરંતુ હું ઉપવાસ કરતો ન હતો એટલે તમોને વ્રત ન કરવાનું કહેતો હતો પરંતુ હવેથી હું આજીવન એકાદશીનું વ્રત કરીશ અને તમો બધા એકાદશીનું વ્રત કરજો. ભગવાનને એકાદશીનું વ્રત બહું જ પ્રિય છે.



## ૬. એકાદશી માહાત્મ્ય

સ્વાધ્યાય :



ખાલી જગ્યા પૂરો

૧. હનુમાનગઢી નામનું મંદિર..........શહેરમાં આવેલું છે.
- અયોધ્યા ● કાશી ● પ્રયાગ

૨. હનુમાનગઢીમાં.............નામનો સાધુ કથા વાંચતો હતો.
- મોહનદાસ ● રામદાસ ● સેવકરામ

૩. મોહનદાસ..............નું વ્રત કરવાની ના પાડતો હતો.
- એકાદશી ● જન્માષ્ટમી ● રામનવમી

૪. ઘનશ્યામે મોહનદાસને સમાધિ કરાવીને............માં મોકલ્યો.
- જમપુરી ● શીવપુરી ● અક્ષરધામ

૫. ભગવાનને.................નું વ્રત બહુજ પ્રિય છે.
- એકાદશી ● પૂનમ ● અમાસ

- શા માટે ?

(૧) મનુષ્યએ વ્રત શા માટે કરવું જોઇએ ?
- પ્રવૃત્તિ : વિવિધ વ્રતોની યાદી તૈયાર કરો.
- વિશેષ : કોઇ એક વ્રતની વાર્તા બાળમંડળમાં કહેવી.
- સત્સંગ-સિંચન

(૧) છપૈયા ભારતના કયા રાજ્યમાં આવેલું છે ?
- ગુજરાત ● ઉત્તર પ્રદેશ ● રાજસ્થાન

(૨) ઘનશ્યામ મહારાજના સમયે અયોધ્યામાં કયા રાજા હતા ?
- કનકસિંહ ● દર્શનસિંહ ● ઉત્તમસિંહ

(૩) ધર્મદેવના કુળદેવતા કોણ છે ?
- ભૈરવ ● ગણપતિ ● હનુમાનજી

(૪) ગૃહત્યાગ વખતે ઘનશ્યામે કોની સ્તુતિ કરી ?
- ગણપતિ ● હનુમાનજી ● કુળદેવી

## રંગ પૂરો



બાળ મિત્રો કોઈ કાઠી દરબાર હરિભક્ત શ્રીજી મહારાજનું પૂજન કરે છેતે ચિત્રને તમે તમારી કલ્પના ના રંગ પૂરી શોભાવો.



# પુષ્પ - ૭. મુક્તાનંદ સ્વામી

મુક્તાનંદસ્વામીનો જન્મ સૌરાષ્ટ્રના અમરાપુર ગામમાં થયો હતો. તેમનું નામ મુકુંદદાસ હતું. માતાનું નામ રાધાદેવી અને પિતાનું નામ આનંદરામ હતું.

બાળપણમાં તેઓએ સંસ્કૃત અને સંગીતનું જ્ઞાન મેળવી લીધુ. વેદાંતનો અભ્યાસ કરીને સુમધુર કંઠથી કથા કરતા એટલે તેઓ બધાને ખૂબ જ પ્રિય હતા.

માતા-પિતાએ તેમને પરણાવવાની વાત કરી એટલે તેઓ ગાંડાની માફક વર્તવા લાગ્યા. છેવટે, માતા-પિતાએ તેમને ઘેરથી રજા આપી એટલે મુકુંદદાસે ગૃહત્યાગ કર્યો.


તેઓ ફરતાં ફરતાં લોજ ગામે ગુરૂ રામાનંદ સ્વામીના આશ્રમમાં આવ્યા અને તેમના શિષ્ય બન્યા. વસંતપંચમીના દિવસે રામાનંદ સ્વામીએ તેમને દીક્ષા આપીને મુક્તાનંદ સ્વામી નામ આપ્યું. રામાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીને આશ્રમના મહંત બનાવ્યા.

એક દિવસ સુખાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીને આશ્રમમાં નિલકંઠ વર્ણીનો ભેટો કરાવ્યો. મુક્તાનંદ સ્વામીની સરળતા અને જ્ઞાન જોઈને

નિલકંઠવર્ણી આશ્રમમાં રોકાયા. રામાનંદ સ્વામીએ નિલકંઠવર્ણીને દિક્ષા આપીને નારાયણમુનિ અને સહજાનંદ સ્વામી એમ બે નામ પાડ્યા. ઉધ્ધવ સંપ્રદાયની ગાદી સહજાનંદ સ્વામીને સોંપી અને બધાને તેમ આજ્ઞા મુજબ રહેવાનું કહ્યું મુક્તાનંદ સ્વામીએ સહજતાથી સ્વીકારી લીધું.

રામાનંદ સ્વામી અંતર્ધાન થયા પછી મુક્તાનંદ સ્વામીને સહજાનંદ સ્વામીમાં ભગવાનપણાનો નિશ્ચય કરાવવા માટે તેમણે કાલવાણી ગામે દિવ્યરૂપે દર્શન આપી નરનારાયણદેવનાં અવતારનું વૃતાંત કહી સંભળાવ્યું એટલે મુક્તાનંદ સ્વામીએ 'જય સદગુરૂ સ્વામી' આરતીની રચના કરી અને તેમાં નારાયણ નરભ્રાતા શબ્દોનો ઉલ્લેખ કરીને રામાનંદ સ્વામીએ કહેલી વાતનો સાર જણાવી દીધો.

વડોદરામાં ધર્મસભા જીતીને 'સ્વામિનારાયણો વિજયતેતરામ્' ના વિજય પતાકા લહેરાવ્યા અને સંપ્રદાય વૈદિક છે તે સાબિત કરી દેખાડ્યું. આવા અનેક કાર્યો કર્યા. આમ વર્ષો સુધી શ્રીજી મહારાજની આજ્ઞામાં રહી કીર્તન ભક્તિ-સત્સંગ પ્રચાર અને અંતિમ શ્વાસ સુધી સાહિત્ય રચનાની સેવા કરી શ્રીજી મહારાજનું સ્મરણ કરતા પ્રભુના ધામમાં પધાર્યા.



## ૭. મુક્તાનંદ સ્વામી

સ્વાધ્યાય :

વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.

૧. મુક્તાનંદ સ્વામીનો જન્મ કયા ગામમાં થયો હતો ?
(૧) અમરાપુર (૨) અમરેલી (૩) લોજ

૨. મુક્તાનંદ સ્વામીના ગુરૂનું નામ જણાવો ?
(૧) રામાનંદ સ્વામી (૨) રામાનુજાચાર્ય (૩) રામદાસ

૩. સંપ્રદાયની સૌ પ્રથમ આરતી કોણે રચી ?
(૧) મુક્તાનંદ સ્વામી (૨) પ્રેમાનંદ સ્વામી (૩) ભૂમાનંદ સ્વામી

૪. રામાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીને કયા ગામે દિવ્ય દર્શન આપ્યા?
(૧) કાલવાણી (૨) લોજ (૩) ફરેણી

૫. 'સહજાનંદ સ્વામી એ જ નરનારાયણ દેવ'
એવું દિવ્ય દર્શન આપી રામાનંદ સ્વામીએ કોને કહ્યું ?
(૧) મુક્તાનંદ સ્વામી (૨) બ્રહ્માનંદ સ્વામી (૩) સુખાનંદ સ્વામી

● **શા માટે ?**
મહાપુરૂષોના જીવન ચરિત્ર શા માટે વાંચવા જોઈએ ?

● પ્રવૃત્તિ : મહાપુરૂષોની યાદી તૈયાર કરો.

● વિશેષ : કોઈ એક મહાપુરૂષનું જીવન ચરિત્ર બાળમંડળમાં કહો.

● **સત્સંગ સિંચન :**

(૧) સ્વામિનારાયણ ભગવાને કયા ગામથી ભાઈઓ-બહેનોની સભા અલગ કરાવી ?
(●) ગઢપૂર (●) માંગરોળ (●) લોજ

(૨) રામાનંદ સ્વામીનો જન્મદિવસ કયો છે ?
(●) રામનવમી (●) જન્માષ્ટમી (●) શિવરાત્રી

(૩) રામાનંદ સ્વામીએ કયા સંપ્રદાયની સ્થાપના કરી ?
(●) માર્ગી (●) વૈષ્ણવ (●) ઉધ્ધવ

(૪) સ્વામિનારાયણ સંપ્રદાયનો મત કયો છે ?
(●) દ્વૈત (●) વિશિષ્ટાદ્વૈત (●) અદ્વૈત

# રંગ પૂરો



બાળ દોસ્તો? આ ચિત્ર છે લીલા ચરિત્રનું તેમાં તમને મનગમતા કલર પૂરી તમારા માતા, પિતા, શિક્ષક કે સ્વામીને બતાવો.



# પુષ્પ - ૮. વચનામૃત પંચાળા - ૫

સંવત ૧૮૭૭ ફાગણવદ ૮ અષ્ટમીને દિવસે શ્રીજી મહારાજ ગામશ્રી પંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ઓટાને વિશે ઢોલીયા ઉપર બિરાજમાન હતા, ને ધોળો ખેસ પહેર્યો હતો, ને ગરમપોશની રાતી ડગલી પહેરી હતી, ને મસ્તક ઉપર ધોળો ફેંટો બાંધ્યો હતો, ને ધોળી ચાદર ઓઢી હતી, ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશ દેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, "કયે ઠેકાણે માન સારું છે ને કયે ઠેકાણે સારું નથી ને કયે ઠેકાણે નિર્માનીપણું સારું છે ને કયે ઠેકાણે સારું નથી ? પછી શ્રીજી મહારાજ બોલ્યા જે "જે સત્સંગનો દ્રોહી હોય ને પરમેશ્વરનું ને મોટા સંતનુ ઘસાતું બોલતો હોય તેની આગળ માન રાખવું તે જ સારું છે અને જ્યારે ઘસાતું બોલે ત્યારે તેને તીખા બાણ જેવું વચન

મારવું પણ વિમુખની આગળ નિર્માની થવું નહિ તે જ રૂડું છે અને ભગવાન ને ભગવાનના સંતની આગળ તો જે માન રાખવું તે સારું નથી, ને તેની આગળ તો માન મુકીને દાસાનુદાસ થઈને નિર્માનીપણે વર્તવું તે જ રૂડું છે.

### ૮. વચનામૃત

સ્વાધ્યાય :

૧. પંચાળામાં શ્રીજી મહારાજ કોના દરબારમાં સભા ભરીને બેઠા હતા ?
૨. શ્રીજી મહારાજે કોની આગળ માન રાખવાનું કહ્યું છે ?
૩. વિમુખ એટલે શું ?
૪. કોઈ સત્સંગનું ઘસાતું બોલે ત્યારે શું કરવું ?
૫. શ્રીજી મહારાજે કોની આગળ માન રાખવાની ના પાડી છે ?

● શા માટે ?

(૧) શ્રીજી મહારાજે વચનામૃતો પ્રશ્નોત્તરીરૂપે શા માટે લખ્યા છે ?

● પ્રવૃત્તિ :

દર રવિવારે કોઈ એક વચનામૃત વાંચવું.

● વિશેષ :

કોઈ એક વચનામૃત મુખપાઠ કરીને બાળમંડળમાં કહેવું.

● સત્સંગ-સિંચન :

(૧) મહાદેવનું પૂજન શેનાથી કરવામાં આવે છે ?
● બિલીપત્ર ● ભોજપત્ર ● રામપત્ર

(૨) સ્વામિનારાયણ ભગવાનનો જન્મ દિવસ ક્યારે ઉજવાય છે ?
● રામનવમી ● જન્માષ્ટમી ● દશેરા

(૩) ઘેલા નદી કયા ગામે આવેલી છે ?
● ગઢપુર ● વડતાલ ● લોજ

(૪) નરનારાયણદેવ દેશ ગાદીના વિદ્યમાન આચાર્ય મહારાજશ્રીનું નામ જણાવો ?
● કોશલેન્દ્રપ્રસાદજી ● તેજેન્દ્રપ્રસાદજી ● વ્રજેન્દ્રપ્રસાદજી

# પુષ્પ - ૯. વિજાપુરનાં વજીબા



દંઢાવ્ય દેશમાં વિજાપુર નામે એક ગામ આવેલું છે. આ ગામમાં અદ્‌ભૂતાનંદ સ્વામીએ કલ્યાણભાઈને સત્સંગ કરાવેલો એટલે તેમનાં પત્ની વજીબા પણ પાકા સત્સંગી થયા હતા.

એકવાર વિસનગરનો સુબો તેમના ઘેર આવેલો. સુબાએ વજીબાને કહ્યું કે તમારા સ્વામિનારાયણ જો ભગવાન હોય તો કૂવા કાંઠે આવેલાં તુલસી અને પીપળાને પ્રદક્ષિણા કરી શકાય તેવી જગ્યા કરી આપે. વજીબાએ સુબાની વાતમાં ધ્યાન ન દીધું.

શ્રીજી મહારાજે ગઢપુરમાં બેઠાં બેઠાં નક્કી કર્યું કે સુબાનું અભિમાન ઉતારવું છે. શ્રીજી મહારાજ અને બ્રહ્મચારી એક વખત વૈરાગી ગુરુ અને ચેલાનો વેશ ધારણ કરીને વિજાપુર વજીબાને ઘેર સાંજના સમયે આવ્યા.

વજીબાના ફળિયામાં જઈને શબ્દ કર્યો. દ્વારકાધીશકી જય, જય હો અવધકુમારકી, વજીબા લોટ લઈને ઘરની બહાર આવ્યા. બાવાએ લોટ લીધો નહિં અને વજીબાને કહ્યું કંઈ તૈયાર

ભોજન હોય તો લાવો. વજીબા કહે, તૈયાર ભોજન નથી. લોટ લઈ જાઓ. બાવો કહે, લોટ લઈ અમે શું કરીએ ? ક્યાં બાટી બનાવીએ ? વજીબા કહે, બાવલા, તૈયાર ભોજન નથી તને એક વાર તો કહ્યું. બાવો કહે, તારા ઘરમાં ડબ્બામાં અઢાર લાડુ છે તેમાંથી આપ. વજીબાને થયું કે બાવો કામણ ટુમણીયો લાગે છે. વજીબા બોલ્યા, અરે બાવલા, એ તો મારા ઠાકોરજીને દરરોજ સવારે થાળમાં ધરવા માટેના લાડુ છે.

વજીબા ઘરમાં ગયા, લાડુ ગણ્યા તો અઢાર થયા. વજીબાએ લાડુ ઠાકોરજીને ધરાવીને બાવાઓને આપીને કહ્યું લે બાવા જલ્દી ખાઈને ભાગો.

બાવો કહે, ક્યાંય નહિ જઈએ. પલંગ આપો આ ફળિયામાં સૂઈ જઈશું. વજીબા ગુસ્સે થયા અને બોલ્યા, છાનો માનો ચોકમાં પડ્યો રહે. પલંગ ઉપર સૂવું હતું તો બાવો શું કામ થયો ? ઘેર જ રહેવું જોઈએ, સૂઈ જા છાનો માનો, પલંગ-બલંગ ઘરમાં નથી.

અરે ! સ્વામિનારાયણ ભક્ત હોકર જૂઠ કાયકો બોલતી હૈ, નયા પલંગ હૈ વો હમકો દે દો. વજીબા કહે એ તો મારા સ્વામિનારાયણ ભગવાન માટે છે એ કાંઈ તારા માટે નથી બાવલીયા. બાવો કહે, હમકો સ્વામિનારાયણ ભગવાન માન લે ઔર પલંગ દે દો.

છેવટે વજીબાએ પલંગ કાઢીને ફળિયામાં પાથરી દીધો. મહારાજ પલંગ ઉપર અને બ્રહ્મચારી ઓટલા ઉપર સૂઈ ગયા.

રાત્રે વજીબાને ચેન ન પડ્યું એટલે બારી ઉઘાડીને જોયું તો અચંબામાં પડી ગયા. બાવાએ પલંગમાં સૂતા સૂતા પોતાના પગ લાંબા કરીને પીપળાના ઝાડને અડાડીને ધક્કો માર્યો. વજીબાએ બારી બંધ કરી દીધી અને સ્વામિનારાયણનું ભજન કરતાં કરતાં સૂઈ ગયા.

સવારે બન્ને બાવાઓ વહેલાં ઉઠીને જતાં રહ્યાં. વજીબાએ સવારે ઉઠીને ફળિયામાં જોયું તો પીપળો-તુલસી ક્યારાને પ્રદક્ષિણા કરી શકાય એટલી જગ્યા થયેલી જોઈને તેને સુબાની વાત યાદ આવી. અરેરે ! મારા પ્રભુ આવ્યા હશે ! રાત્રે પીપળાને પગ અડાડીને કૂવાથી દૂર ખસેડી દીધો. હું તેમને ઓળખી ના શકી. મેં તેમને બાવલા, બાવલા શબ્દ કહીને અપમાન કર્યું. પ્રભુ મને માફ કરો. હું તમારી લીલાને ઓળખી ના શકી. વજીબાનું ઘર હતું ત્યાં આજે છત્રી છે.

## ૯. વિજાપુરના વજીબા

સ્વાધ્યાય

૧. વજીબાના પરિવારમાં સત્સંગ કયા સ્વામીએ કરાવ્યો હતો ?
૨. વજીબાના ઘેર કૂવા કાંઠે કયું વૃક્ષ હતું ?
૩. શ્રીજી મહારાજે બાવા વેશે વજીબાના ઘેર જઇ કયો સાદ કર્યો હતો ?
૪. વજીબાએ બાવાને શું ખવડાવ્યું હતું ?
૫. સુબાએ વજીબાને મારેલું મેણું શ્રીજી મહારાજે કેવી રીતે દૂર કર્યું ?

● શા માટે ?

(૧) શ્રીજી મહારાજ શા માટે વિવિધ લીલાઓ કરતાં હતાં ?

● પ્રવૃત્તિ : દસ સ્ત્રી ભક્તના નામની યાદી તૈયાર કરો

● વિશેષ : કોઈ એક સ્ત્રી ભક્તની કથા બાળમંડળમાં કહો.

● સત્સંગ સિંચન

(૧) પ્રસાદીભૂત ગોમતી તળાવ ક્યાં આવેલું છે ?

● ડાકોર ● ગઢપૂર ● વડતાલ

(૨) કયા સ્ત્રી ભક્ત શ્રીજી મહારાજને 'દીકરા' કહીને બોલાવતા હતા ?

● વજીબા ● ગંગાબા ● લાધીબા

(૩) નરનારાયણદેવ દેશ ગાદીના આચાર્ય મહારાજશ્રીની અટક કઈ છે ?

● પાંડે ● તિવારી ● શર્મા

(૪) શ્રીહરિએ હરિગીતાનો ઉપદેશ કોને આપ્યો હતો ?

● વજીબા ● ગંગાબા ● ભક્તિમાતા

શ્રીજી મહારાજે સ્વહસ્તે પ્રતિષ્ઠત કરેલ નવ મંદિરમાં બિરાજતા દેવોને મંદિર સાથે ગોઠવો તથા નામ લખો. (દા.ત.ચ - અમદાવાદ = શ્રી નરનારાયણ દેવ - અમદાવાદ)


ક


ખ


ગ


ઘ


ચ


છ


જ



ઝ


ટ



ધોલેરા


વડતાલ


જૂનાગઢ


જેતલપુર


ધોળકા


મૂળી


ગઢડા


અમદાવાદ


ભુજ

| |
|---|
| ચ - શ્રી નરનારાયણ દેવ<br>- અમદાવાદ |
| |
| |
| |
| |
| |
| |
| |
| |

# પુષ્પ - ૧૦. સુરા ખાચર

એક વખત શ્રીજી મહારાજ ગઢડામાં સભા ભરીને બેઠાં હતા તેવામાં સુરા ખાચર આવ્યા. પ્રભુએ પૂછ્યું, સુરા ખાચર કાલે કેમ દર્શન કરવા નહોતા આવ્યા ?

સૂરા ખાચર બોલ્યા : પ્રભુ, કાલે કોઈ મારો એક બળદ ચોરી ગયું.

શ્રીજી મહારાજ બોલ્યા : અરે સુરા ખાચર, આ તો બહુ જ ખોટું થયું કહેવાય. હવે તમે ખેતી કેવી રીતે કરીશો ?

આ સાંભળી સુરા ખાચર મનમાં મલકાઈને બોલ્યા : ભણે, એમાં ચિંતા શેની કરવાની !

મહારાજ સુરા ખાચરના વખાણ કરવા લાગ્યા. વાહ સુરા ખાચર વાહ, તમારી આત્મનિષ્ઠા બહુજ સારી છે હો. જુઓને, બળદ ચોરાઈ ગયો છે છતાં જરાય ચિંતા દેખાતી નથી. પણ હવેતમેશુંકરશો ?

સુરાખાચર કહે પ્રભુ, એમાં મુંઝાવાનું ના હોય.

મહારાજ કહે તો શું કરવાનું ?



સુરા ખાચર ઠાવકાઈથી બોલ્યા. કોઈ મારો એક બળદ ચોરી ગયું એટલે હું બીજાના બે બળદ ચોરી લાવ્યો.

શ્રીજી મહારાજ કહે સુરાખાચર, ચોરી ન કરાય.

સુરા ખાચર કહે, પેલો મારો બળદ ચોરી ગયો તેનું કાંઈ નહિ ?

શ્રીજી મહારાજ કહે એ અમારો ભક્ત ન હતો. પણ તમે તો અમારા ભક્ત છો !

એટલે તમારે અમારી આજ્ઞા પાળવાની હોય ભગવાનના ભક્ત એ ક્યારેય પણ પોતાની સરખામણી અભક્ત સાથે ન કરવી. સત્સંગીએ ક્યારેય પણ કુસંગીનો વાદ ના લેવો.

સુરા ખાચરે પ્રભુ પાસે માફી માગી અને પેલાં ખેડૂતનાં બંને બળદ પાછા આપ્યા. અને જીવનમાં ક્યારે પણ કોઈપણ પ્રકારની ચોરી ન કરવાનું નિયમ લઈ શ્રીજી મહારાજને રાજી કર્યા.

ચાલો, બાળમિત્રો આપણે પણ શ્રીજી મહારાજને રાજી કરવા માટે કોઈપણ પ્રકારની ચોરી ન કરવાનું નિયમ લઈએ.



## ૧૦. સુરાખાચર

સ્વાધ્યાયઃ

૧. સુરાખાચરના કેટલા બળદ ચોરાયા હતા?

૨. સુરાખાચર કેટલા બળદ ચોરી લાવ્યા હતા?

૩. ભગવાનના ભક્તએ પોતાની સરખામણી કોની સાથે ન કરવી?

૪. સત્સંગીએ કોનો વાદ ન લેવો?

૫. સુરાખાચરે શ્રીજી મહારાજ પાસે માફી માગીને શેનું નિયમ લીધું?

- શા માટે?

  (૧) કોઈ પણ મનુષ્યએ ચોરી શા માટે ન કરવી જોઈએ?

- પ્રવૃત્તિ : રમૂજી વાર્તા વાંચવી.
- વિશેષ : સુરાખાચરની અન્ય કોઈ એક વાત બાળમંડળમાં કહેવી.

- સત્સંગ-સિંચન

  (૧) નવલખા પર્વત ઉપર કેટલા સિધ્ધો રહેતા હતા?

  ● દસ હજાર ● એક લાખ ● નવ લાખ

  (૨) નીલકંઠવર્ણી કોની પાસેથી અષ્ટાંગ યોગ શીખ્યા?

  ● ગોપાળ યોગી ● માર્કન્ડેયમુનિ ● ધર્મદેવ


  (૩) નીલકંઠવર્ણીએ પુલહાશ્રમમાં કોની તપશ્ચર્યા કરી?


  ● શિવ ● સૂર્ય ● વિષ્ણુ

  (૪) સ્વામિનારાયણ ભગવાનનાં ચરણાર્વિંદમાં કેટલા ચિન્હ હતા?

  ● ૯ ● ૧૬ ● ૭

બાળ મિત્રો નીચે આપેલ વડોદરાની સવારીના એક સરખા લાગતા બે ચિત્રો આપેલ છે તેમાંથી પાંચ ડીફરન્સ શોધી તેને લાલ સ્કેચપેનથી કુંડાળુ કરો.





# પુષ્પ - ૧૧. શબરી



ત્રેતા યુગની વાત છે. પંપા સરોવરને કાંઠે માતંગ ઋષિનો આશ્રમ આવેલો હતો. આશ્રમમાં ઋષિની સાથે શબરી નામની ભીલ જાતિની એક શિષ્યા રહેતી હતી.

શબરી આશ્રમનું દરેક કામ કરે. લીંપણ કરે, ફળ-ફૂલ વીણી લાવે, સરોવરમાંથી પાણી ભરીને લાવે, રસોઇ બનાવે વગેરે.

એકવાર માતંગ ઋષિએ શબરીને કહ્યું કે હું આશ્રમ છોડીને જાઉં છું પણ તારી સેવાથી હું ઘણો રાજી થયો છું. તે માટે તને વરદાન આપું છું કે આ આશ્રમમાં એક દિવસ ભગવાન આવશે.

શબરી ગુરુ વચનમાં ખૂબ જ વિશ્વાસ ધરાવતી હતી. શબરી રોજ વનમાં જાય અને પ્રભુ મારી ઝૂંપડીએ આવશે, હું તેમને બોર જમાડીશ એવા ભાવથી બોર વીણી લાવે.
વર્ષો વીતી ગયા. શબરી ઘરડી થઇ ગઇ છતાં પણ ગુરુના વચનમાં વિશ્વાસ હતો કે ગુરુએ કહ્યું

છે માટે ચોક્કસ ભગવાન આવશે જ, આવાં વિશ્વાસ સાથે શબરી હજુ પણ વનમાં જઈને દરરોજ બોર વીણી લાવે છે.

એક દિવસ પ્રભુ શ્રીરામ અને લક્ષ્મણ તેમની ઝૂંપડીએ આવે છે. પ્રભુએ કહ્યું, શબરીબાઈ અમારાં બોર લાવો. શબરીનો અંતરાત્મા પ્રભુને ઓળખી ગયો. શબરી પ્રભુને ઝૂંપડીમાં લઈ જઈને આસન આપીને બેસાડે છે. આંખમાં હર્ષના આંસુ આવે છે અને પ્રભુ સામે જોઈ જ રહે છે. પ્રભુના હાથમાં બોરની ટોપલી મૂકે છે અને પ્રભુ બોર ખાવાં લાગે છે. લક્ષ્મણ તો પ્રભુની બોર લીલા જોઈને ગદ્‌ ગદ્‌ થઈ જાય છે. ધન્ય છે પ્રભુને! ધન્ય છે શબરીની ગુરુ નિષ્ઠાને!

## ૧૧. શબરી

સ્વાધ્યાય :

- જોડકાં જોડો


| | |
|---|---|
| ૧. ત્રેતા યુગ | ૧. પંપા સરોવર |
| ૨. શબરીના ગુરૂ | ૨. ટોપલી |
| ૩. ઝૂંપડી | ૩. શ્રીરામ |
| ૪. બોર | ૪. માતંગ ઋષિ |

- શા માટે ?
  (૧) ભગવાન પોતાના ભક્તોના સંકલ્પ શા માટે પૂરા કરે છે ?
- પ્રવૃત્તિ : દશ રામ ભક્તોના નામની યાદી બનાવો.
- વિશેષ : કોઈ એક રામ ભક્તની વાર્તા બાળમંડળમાં કહો.
- સત્સંગ-સિંચન :
  (૧) નરનારાયણ ભગવાનનો જન્મ કઈ નદીને કિનારે થયો હતો ?
  ● ગંડકી ● ગંગા ● સાબરમતી
  (૨) બદ્રિકાશ્રમમાં નરનારાયણ ભગવાન કયા વૃક્ષ નીચે તપ કરે છે ?
  ● બોરડી ● પીપળો ● વડ
  (૩) સંપ્રદાયમાં '૧૦૦૮' અંક કોના નામ આગળ લખવામાં આવે છે ?
  ● લાલજી મહારાજશ્રી ● વિદ્યમાન આચાર્યશ્ર ● નિવૃત આચાર્ય મહારાજશ્રી
  (૪) શ્રી સ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયમાં કુલ કેટલી ગાદી સ્થાપેલી છે ?
  ● ૪ ● ૩ ● ૨

# પુષ્પ - ૧૨. ભક્ત પ્રહલાદ

સતયુગમાં હિરણ્યકશીપુ નામનો એક અસુર રાજા થઈ ગયો. ત્રિલોકમાં તેની હાંક વાગતી હતી. તેના રાજ્યમાં કોઈ ભગવાનનું નામ ન લઈ શકતું. આ અસુર રાજાને પ્રહલાદ નામે એક દીકરો હતો.

પ્રહલાદ ભગવાનનો ભક્ત હતો તેથી પિતાની મનાઈ હોવા છતાં નારાયણ નામનું ભજન કરતો હતો. પ્રહલાદ થોડો મોટો થયો એટલે તેને વિદ્યા ભણવા બેસાડ્યો. પ્રહલાદનાં ગુરુએ



હિરણ્યકશીપુ પાસે ફરિયાદ કરી કે પ્રહલાદ કંઇ ભણવાને બદલે માત્ર નારાયણ નામનું જ રટણ કર્યા કરે છે. આથી રાજા ગુસ્સે ભરાયો અને તેને મારી નાંખવાના ઉપાયો શોધવા લાગ્યો.

એક દિવસ પ્રહલાદને ગાંડા હાથી પાસે ફેંક્યો. હાથી પ્રહલાદને નમસ્કાર કરીને પાછો હટી ગયો. હવે પ્રહલાદનો પિતા વધુ ગુસ્સે ભરાયો અને પ્રહલાદને પર્વત ઉપરથી નીચે ફેંકવાનો આદેશ આપ્યો. સૈનિકોએ પ્રહલાદને ઉંચા પર્વત ઉપરથી નીચે ફેંક્યો પણ રામ રાખે તેને કોણ ચાખે. પ્રહલાદ બચી ગયો.

હિરણ્યકશીપુએ ક્રોધાયમાન થઈને તેની બહેન હોલિકાને બોલાવીને કહ્યું કે તારી પાસે આગથી રક્ષા કરે તેવી ચૂંદડી છે તેને ઓઢીને તું પ્રહલાદને લઈને અગ્નિમાં બેસી જા એટલે પ્રહલાદ સળગી જાય.

ભાઈનો આદેશ થવાથી બહેન તેમ કરવા તૈયાર થઈ ગઈ. રાજાએ લાકડાનો મોટો ઢગલો કરાવીને હોલિકા અને પ્રહલાદને બેસાડ્યા અને આગ લગાડી. પ્રહલાદનાં મનમાં સહેજ પણ ભય નથી. તે સતત નારાયણ નામનું રટણ કરે છે. પ્રભુ ઈચ્છાથી જોરદાર પવન ઉપડ્યો. હોલિકાએ ઓઢેલી ચૂંદડી પવનને લીધે ઉડીને પ્રહલાદ ઉપર પડી. લાકડાનો ઢગલો સળગી જતાં નારાયણ નામનું રટણ કરતો પ્રહલાદ બહાર આવે છે અને હોલિકા આગમાં બળી જાય છે.

હિરણ્યકશીપુનો ગુસ્સો હવે સાતમાં આસમાને પહોંચી જાય છે. સૈનિકોને બોલાવીને લોખંડના થાંભલાને તપાવવાનો આદેશ આપે છે. થાંભલો લાલચોળ ગરમ થાય છે ત્યારે પ્રહલાદને બોલાવીને તેના પિતાએ કહ્યું કે તારો ભગવાન ક્યાં છે ? પ્રહલાદ કહે, મારો ભગવાન બધે જ છે. હિરણ્યકશીપુ કહે, આ થાંભલામાં તારો ભગવાન છે ? પ્રહલાદે હા પાડી.

હિરણ્યકશીપુ કહે જો આ થાંભલામાં તારો નારાયણ હોય તો તેને બાથ ભર. પ્રહલાદ નારાયણનું સ્મરણ કરીને બાથ ભીડવા માટે થાંભલા પાસે દોડી જાય છે ત્યારે અચાનક કડાકાભેર થાંભલો ફાટે છે અને તેમાંથી ભગવાન નરસિંહરૂપે પ્રગટ થાય છે. હિરણ્યકશીપુનું

નખથી પેટ ચીરી નાંખે છે.

ધન્ય છે પ્રહલાદનાં પ્રભુ પ્રત્યેના વિશ્વાસને ! બાળમિત્રો, આપણે પણ જો સ્વામિનારાયણ ભગવાન પ્રત્યે નિષ્ઠા અને વિશ્વાસ રાખીશું તો આપણી પણ હરપળ રક્ષા કરશે.



## ૧૨. ભક્ત પ્રહલાદ

સ્વાધ્યાય :

ખાલી જગ્યા પૂરો

- પ્રહલાદના પિતાનું નામ........હતું.
  (૧) હિરણ્યકશ્યપુ (૨) બલી (૩) હિરણ્યાક્ષ
- પ્રહલાદ.............નામનું ભજન કરતો હતો.
  (૧) નારાયણ (૨) શ્રીરામ (૩) સ્વામિનારાયણ
- હિરણ્યકશ્યપુની બહેનનું નામ..............હતું.
  (૧) હોલિકા (૨) પૂતના (૩) કોટરા
- થાંભલામાંથી ભગવાન.................સ્વરૂપે પ્રગટ થયા.
  (૧) નરસિંહ (૨) શ્રીરામ (૩) શીવ
- હોળીનો તહેવાર...............ની યાદમાં ઉજવાય છે.
  (૧) પ્રહલાદ (૨) ધ્રુવ (૩) નચિકેતા
- શા માટે ?
  (૧) ભગવાન પોતાના ભક્તની હંમેશા રક્ષા શા માટે કરે છે ?
- પ્રવૃત્તિ : પાંચ વિશ્વાસુ ભક્તોના નામ જણાવો.
- વિશેષ : કોઈ એક વિશ્વાસુ ભક્તની વાર્તા બાળમંડળમાં કહો.
- સત્સંગ-સિંચન
  (૧) ઘનશ્યામને સરયું નદીના પ્રવાહમાં કયા અસુરે ધક્કો માર્યો હતો ?
    - કાલીદત્ત
    - કૌશિકદત્ત
    - સોમદત્ત
  (૨) પ્રસાદીભૂત દેવ સરોવર ક્યાં આવેલું છે ?
    - જેતલપુર
    - વડતાલ
    - ભૂજ
  (૩) શ્રીજી મહારાજે સંપ્રદાયમાં બહેનોના ગુરૂ તરીકે કોની સ્થાપના કરી છે ?
    - સાંખ્ય બહેનો
    - પૂ. ગાદીવાળાશ્રી
    - કોઈ નહીં
  (૪) 'ધર્મકુળ' એટલે શું ?
    (૧) ધર્મપાળનારું કુળ
    (૨) મૂળ ગાદીના આચાર્યશ્રી
    (૩) ગુરૂકુળ

# પુષ્પ - ૧૩. નિષ્ઠાનો થાંભલો

શ્રીજી મહારાજ સત્સંગમાં વિચરણ કરતાં કરતાં અમદાવાદ પધાર્યા. નવા વાસમાં રહેતા હરિભક્તો ને ઘેર ઉતારો કર્યો. અંગ્રેજ ગવર્નર એરણ સાહેબે શ્રીજી મહારાજને અમદાવાદમાં મંદિર બનાવવા માટેની જગ્યાનો તામ્રપત્રનો લેખ આપ્યો અને સૂર્ય - ચંદ્ર તપે ત્યાં સુધી તેમાં ભોગવટા હક્ક લખાવી આપ્યાં.

શ્રીજી મહારાજે સંતો-હરિભક્તોને બોલાવીને કહ્યું કે તમો અમારી આજ્ઞાથી અમારી આપેલી નરનારાયણદેવની મૂર્તિની દરરોજ સવારે અમારું સ્વરૂપ જાણીને પૂજા કરો છો, તેનો તમારે અખંડયોગ રહે તે માટે અમારે અમદાવાદમાં શ્રીનરનારાયણદેવનું મંદિર બનાવવું છે.

મહારાજે આનંદાનંદ સ્વામીને બોલાવીને સઘળી જવાબદારી તેમને સોંપી અને હરિભક્તોનેતેમાં સેવા કરવાની આજ્ઞા આપી.

શ્રીજી મહારાજ અમદાવાદમાં શ્રી નરનારાયણદેવનું મંદિર બનાવે છે એ વાત સત્સંગમાં વાયુવેગે ફેલાઈ ગઈ અને સૌ કોઈ યથાશક્તિ સેવાકાર્યમાં જોડાઈ ગયા.

ખેડૂતોપોતાના બળદગાડાલઈને ધ્રાંગધ્રાથીપથ્થરલાવવામાંડ્યા. એકખેડૂતનાંબળદનો પગ ખાડામાં પડી જતાં બળદનો પગ ભાંગી ગયો. ખેડૂતે આસપાસમાં તપાસ કરી પણ બીજા બળદની સગવડ થઈ શકી નહીં.



હવે, તેમની પાસે પથ્થરને ગાડામાંથી નીચે ફેંકવા સિવાય બીજો રસ્તો નહતો. ખેડૂતવિચાર કરવા લાગ્યો કે આ પથ્થર તો નરનારાયણદેવનાં મંદિર બનાવવા માટેના છે તેને નીચે કેમ ફેંકી દેવાય. બળદગાડામાં બળદની જગ્યાએ પોતેજ ખંભે ધૂંસળી લઈને છે ક અમદાવાદ સુધી પથ્થર ભરેલું ગાડું ખેંચી લાવે છે. ગાડામાં એક બાજુ બળદ અને બીજી બાજુ ખેડૂતને ગાડુ ખેંચતા જોઈ મંદિરના સ્થાને હાજર સૌ કોઈ નવાઈ પામે છે. આનંદ સ્વામી ખેડૂતના ખબર અંતર પૂછે છે. એટલે ખેડૂત વિતક કથા કહે છે. આનંદ સ્વામી કહે છે કે આ પથ્થરને અલગ રાખજો તેમાંથી અમો થાંભલો બનાવી ને રાધાકૃષ્ણદેવની સામે તેને ગોઠવીશું. આ થાંભલો તો ખેડૂતની શ્રી નરનારાયણદેવની નિષ્ઠાનો થાંભલો છે.

મંદિર તૈયાર થાય છે એટલે શ્રીજી મહારાજ ગઢપુરથી અમદાવાદ પધારે છે. આનંદ સ્વામી શ્રીજી મહારાજને સમગ્ર મંદિર બતાવે છે અને થાંભલાની ઘટના જણાવે છે. શ્રીજી મહારાજ ખૂબજ રાજી થાય છે. શ્રીજી મહારાજ થાંભલાને બાથમાં લઈને ભેટે છે. હરિભક્તોને જણાવે છે કે મંદિરમાં દર્શન બંધ હોય અને જો કોઈ આ થાંભલાના દર્શન કરશે તો તેને મૂર્તિના દર્શનનું ફળ અમો આપીશું.

ચાલો બાળમિત્રો, ખેડૂતની નરનારાયણદેવની નિષ્ઠા અને શ્રીજી મહારાજની પ્રસાદીભૂત આ થાંભલના આપણે પણ દર્શન કરીએ.



## ૧૪. નિષ્ઠાનો થાંભલો

સ્વાધ્યાય

૧. શ્રીજી મહારાજને અમદાવાદમાં મંદિર બનાવવા માટે કયા અંગ્રેજ ગવર્નરે જમીન આપી હતી?
૨. શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરની જમીનના ભોગવટાનો લેખ કેટલા વર્ષ સુધીનો છે?
૩. શ્રીજી મહારાજે સત્સંગીઓને કયા દેવની મૂર્તિ પૂજામાં રાખવાની આજ્ઞા કરેલી છે?
૪. શ્રીજી મહારાજે અમદાવાદનું મંદિર બાંધવાની આજ્ઞા કોને કરી હતી?
૫. શ્રીજી મહારાજે મંદિરમાં થાંભલાને ભેટીને શું કહ્યું હતું?

- શા માટે?
  શ્રીજી મહારાજે તેમણે બંધાવેલા મંદિરોમાં શ્રીકૃષ્ણ ભગવાન કે તેનાં અવતારોની મૂર્તિઓ કેમ પધરાવી છે?
- પ્રવૃત્તિ : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર-અમદાવાદની મુલાકાત લઈ પ્રસાદીભૂત થાંભલાના દર્શન કરો.
- વિશેષ : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર તાબાનું શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ-નારાણપુરાની મુલાકાત લેવી.
- સત્સંગ-સિંચન

(૧) શ્રીજી મહારાજના વચન મુજબ કોનો આશ્રિત ભક્ત અક્ષરધામને પામે છે?
● સંત ● ધર્મકુળ ● ગામગુરુ

(૨) શિક્ષાપત્રીમાં આત્મનિવેદી ભક્ત કોને કહ્યા છે?
● અંબરિષ રાજા ● મયારામભટ્ટ ● મુક્તાનંદ સ્વામી

(૩) શ્રી નરનારાયણ ભગવાન કયા અસુરને મારવા માટે પ્રગટ થયા હતા?
● બલી ● સહસ્ત્ર કુંચી ● હિરણ્યકશ્યપુ

(૪) શ્રી નરનારાયણ ભગવાનનો જન્મ કયા નક્ષત્રમાં થયો હતો?
● પુષ્ય ● ફાલ્ગુની ● ઉત્તરાફાલ્ગુની



# પ્રવાસ

પ્રવાસ એટલે મુસાફરી. મુસાફરીના હેતુને સ્થળ સાથે જોડવાથી પ્રવાસનો પ્રકાર નક્કી થાય છે. સ્વામિનારાયણ મંદિર-કાલુપુર, જગન્નાથ મંદિર-જમાલપુર કે ગઢડા, સારંગપુર, સોમનાથ, દ્વારકા વિગેરે જેવા ધાર્મિક સ્થળોની મુલાકાત લઈએ તો તે પ્રવાસને ધાર્મિક પ્રવાસ તરીકે ઓળખવામાં આવે છે.

અડાલજની વાવ, રાણકી વાવ, ધોળાવીરા, લોથલ જેવા ઐતિહાસિક સ્થળોની મુલાકાત લઈએ તો તેવા પ્રવાસને ઐતિહાસિક પ્રવાસ તરીકે ઓળખવામાં આવે છે.

સાપુતારા, તારંગા, માઉન્ટ આબુ, એસેલ વર્લ્ડ, ઈમેજીકા જેવા સ્થળોની મુલાકાતને મનોરંજક પ્રવાસ તરીકે ઓળખવામાં આવે છે.

નદી, સરોવર, વોટરપાર્ક કે બગીચાના એક દિવસના પ્રવાસને પિકનીક તરીકે ઓળખવામાં આવે છે.વળી આપણા સંપ્રદાયમાં શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની પણ એક દિવસની મુલાકાત યોજી શકાય છે.

આમ પ્રવાસથી જ્ઞાનમાં વધારો તો થાય જ છે પરંતુ શરીર અને મન તાજગી અનુભવે છે. કામ કરવાની શક્તિમાં વધારો થાય છે. વળી, સંઘભાવના, સંઘશક્તિ, નેતૃત્વ જેવા ગુણો પણ વિકસે છે.

આમ પ્રવાસએ કુદરતને મહાલવાનો અને દુનિયાને જાણવાનો અનેરો અવસર છે.

# વ્યસન!



"પહેલું સુખ તે જાતે નર્યા" એટલે કે શરીરની તંદુરસ્તી એ માણસ માટે પહેલું સુખ છે. તમામ પ્રકારની સુખ સગવડતા હોય પણ તે ભોગવવા માટે શરીર તંદુરસ્ત હોવું જોઈએ. જેમ ડાયાબિટીશના રોગીને ખાવા-પીવાનું સુખ આવતું નથી. તેમ જેના શરીરમાં રોગ હોય તે માણસને સુખ સગવડ ભોગવવાનો આનંદ આવતો નથી. શરીરમાં રોગ થવાનું મુખ્ય કારણ તો વ્યસન છે. જેને લીધે માણસની રોગ પ્રતિકારક શક્તિ નબળી પડી જાય છે. જેથી રોગ લાગુ પડે છે. વ્યસન એ વિનાશનું પહેલું પગથીયું છે.

સામાન્ય રીતે તમાકુ ખાવાની કે બીડી પીવાની ટેવવાળા માણસને દાંત અને મોઢાના રોગો થાય છે તેમજ કેન્સર જેવો જીવલેણ રોગ લાગુ પડે છે. દારૂ પીવાથી માણસની કીડની અને લીવરના રોગ થાય છે. વળી, અફીણ, ગાંજો અને બીજા ડ્રગ્સ માણસને શારીરિક તેમજ માનસિક રોગો પેદા કરે છે. શરૂઆતમાં વ્યસનનો ખર્ચ અને પછી રોગ થાય એટલે દવાનો ખર્ચ એમ વ્યસની માણસને બેવડો માર પડે છે અને તે બરબાદી તરફ ધકેલાય છે.

વ્યસનથી માણસને નશો ચડે છે એટલે તેનું માનસિક સંતુલન રહેતું નથી. જેથી ઘરમાં કલેશ અને કંકાસ થાય છે. રોજબરોજ ઝગડા થાય છે. આડોશ-પાડોશમાં સંબંધો બગડે છે જેથી ઘરના બીજા સભ્યો આવાં વ્યસની માણસથી ત્રાસ અનુભવે છે અને ઘરમાં સૌ કોઈ એને ધિક્કારે છે. તેમજ આસપાસ કે સમાજમાં તેની સાથે કોઈને સારો સંબંધ રહેતો નથી માટે જ શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજે લખ્યું છે કે કોઈ પ્રકારનું નશાકારક વ્યસન કરવું નહીં તેમજ આવી વ્યસની વ્યક્તિનો સંગ કરવો નહીં.

શ્રીજી મહારાજને રાજી કરવા અને આપણા ઘર અને સમાજને સુખી કરવા માટે જીવનમાં ક્યારેય પણ વ્યસન ન કરવાની પ્રતિજ્ઞા લઈએ તેમજ વ્યસન મુક્તિ રેલીઓ કાઢીને સૌ કોઈને વ્યસન મુક્ત થવા સમજાવીએ.












શ્રી અક્ષરભુવન
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર

